પુનિતવનમાં લાઈટો બંધ હોવાથી સાંજના સહેલાણીઓને ભારે હાલાકી

શિયાળાને કારણે અંધારૂ વહેલુ થતું હોવાથી ઈવીનીંગ વોકર્સને મુશ્કેલી : છેલ્લા દોઢેક માસથી લાઈટો બંધ છે : સાંજના સમયે સાપ નીકળતા હોવાથી પણ જોખમ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરમાં શિયાળાની ઋતુ હવે ધીમે ધીમે તેની પક્કડ જમાવતી જાય છે. શિયાળાની ઋતુના કારણે હવે દિવસ વહેલો આથમી રહ્યો છે ત્યારે સે. ૧૯માં આવેલ પુનિતવનમાં મોટાભાગની લાઈટો બંધ હોવાથી સાંજના સમયે આવેલા નિયમિત મુલાકાતીઓને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે. વળી, આ સમયે અંધારૂ થઈ જતુ હોવાથી અનેક સરિસૃપો તેમના ખોરાકની શોધમાં નીકળી પડે છે જેથી આ મુલાકાતીઓ માટે જોખમની પરિસ્થિતિ પેદા થઈ રહી છે. જાણવા મુજબ આ ઉદ્યાનમાં છેલ્લા દોઢેક માસથી આ લાઈટો બંધ હાલતમાં છે.



પુનિતવન એ ગાંધીનગરના ઈવીનીંગ વોકર્સ માટે પસંદગીનું સ્થળ છે. સાંજના સમયે આ ઉદ્યાનમાં અનેક સહેલાણીઓ, પરિવારો અને ખાસ કરીને વરીષ્ઠ નાગરિકો આ ઉદ્યાનમાં ટહેલવા માટે નિયમીતપણે આવે છે. દિવાળી પહેલા સુધી તો સાંજના સમયે અંધારૂ મોડુ થતુ હતુ પરંતુ હવે ઋતુચક્ર ફરતાં ઠંડીનો સમય શરૂ થયો ચે અને દિવસો ટુંકા થઈ રહ્યા છે. આથી હવે સૂરજ વહેલો આથમી જાય છે અને તેના કારણે અંધારૂ પણ વહેલુ થવા માંડે છે. આ સમયે પુનિતવનમાં લાઈટોની ખૂબ જરૂરિયાત રહેતી હોય છે. ઘણા વરીષ્ઠ નાગરિકો ઉંમરના કારણે અશક્ત હોય, આંખો નબળી પડી ગયેલી હોય તેઓને સાંજના અંધારામાં ચાલવામાં ખૂબ તકલીફ પડી રહી છે. વળી અંધારૂ થતાં જ આ ઉદ્યાન અને આસપાસના કુદરતી વિસ્તારમાં વસવાટ કરતા સરિસૃપો તેમના ખોરાકની તલાશમાં નીકળી પડે છે. જેના કારણે આ નાગરિકો માટે તેમને કરડી જવાનું જોખમ પણ ઉભુ થઈ રહ્યું છે. આ સાપોમાં ઘણા ઝેરી સાપો પણ હોય છે.

માત્ર પુનિતવનમાં મુખ્ય પ્રવેશ દ્વાર સામેની એક લોનમાં લાઈટો ચાલુ હાલતમાં છે જ્યારે ઉદ્યાનના બાકીના ભાગમાં અને છેક અંતરિયાળ ભાગમાં લાઈટો સદંતર બંધ હાલતમાં છે. આ લાઈટો છેલ્લા દોઢએક માસથી બંધ છે પરંતુ ત્યારે અંધારૂ વહેલુ થતુ નહોતુ એટલે કોઈ મોટી સમસ્યા કે દુર્ઘટના થવા પામી નથી પરંતુ હવે સત્વરે તેને દુરસ્ત કરી તમામ લાઈટો ચાલુ કરાય તેવી આ પાર્કના મુલાકાતીઓમાં માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરના માસ્ટર અંકિતની ચોથી બીચ હેન્ડબોલ એશિયન ચેમ્પીયનશીપ માટેની ભારતીય ટીમમાં પસંદગી

થાઈલેન્ડના ફુકેટ ટાપુ પર ૧૪ થી ૨૩મી નવેમ્બર દરમ્યાન ચોથી બીચ હેન્ડબોલ એશિયન ચેમ્પીયનશીપ રમાશે : માસ્ટર અંકિત અગાઉ નેશનલ ચેમ્પીયનશીપમાં સીલ્વર મેડલ મેળવી ચુક્યો છે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ટ્રેઈની ખેલાડી માસ્ટર અંકિતની થાઈલેન્ડના ફુકેટ ટાપુ પર તા. ૧૪મીથી ૨૩મી નવેમ્બર દરમ્યાન યોજાનાર બીચ એશિયન હેન્ડ બોલ માટેની ભારતીય ટીમમાં પસંદગી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં રમાનારી ભારતીય ટીમમાં સ્થાન પામીને માસ્ટર અંકિત સ્પોર્ટસ ઓથોરીટી સહિત સમગ્ર ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

સ્પોર્ટસ ઓથોરિટી (સાંઈ)ના છેલ્લા ૩ વર્ષથી ટ્રેઈની તરીકે જોડાયેલા માસ્ટર અંકિતે અગાઉ ઓગસ્ટ માસમાં વલસાડના નાગરોલ ખાતે યોજાયેલ ૧૦મી બીચ હેન્ડબોલ નેશનલ ચેમ્પીયનશીપમાં સીલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો. માસ્ટર અંકિતને આંતરરાષ્ટ્રીય હેન્ડબોલ કોચ સશીમોહન ધુમલે કોચીંગ આપ્યું છે. માસ્ટર અંકિતની બીચ હેન્ડબોલની ભારતીય ટીમમાં પસંદગી થવાથી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના ગાંધીનગર ખાતેના ડાયરેક્ટર રૂપકુમાર નાયડુએ અભિનંદન પાઠવ્યા છે. માસ્ટર અંકિતની આ સિદ્ધિને કારણે સમગ્ર સાંઈ સંકુલમાં આનંદનું મોજુ પ્રસરી જવા પામ્યું છે.

જીટીયુની સ્પર્ધાઓમાં બાપુ કોલેજનો ડંકો

ગાંધીનગર, તા.૧૩

જીટીયુ દ્વારા આયોજિત યુથ ફેસ્ટિવલ અને સ્પોર્ટસ વીકમાં શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટ વેસ્ટર્ન સોંગ અને ડ્રામા કોમ્પીટીશનમાં વિજેતા બની હતી. આ ઉપરાંત આ ઈન્સ્ટીટયુટની ટીમ ગર્લ્સ હેન્ડબોલ સ્પર્ધામાં સતત ત્રીજા વર્ષે વિજેતા બની હતી. વળી, આ કોલેજની પાંચ ખેલાડીઓ નેશનલ ગર્લ્સ હેન્ડબોલ કોમ્પીટીશન માટે પંસદગી પામી છે.

ગાંધીનગર તાલુકાની શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટયુટના તેજસ્વી તારલાઓએ જીટીયુ દ્વારા આયોજિત યુથ ફેસ્ટિવલ અને સ્પોર્ટસ વીકમાં શાનદાર પ્રદર્શન દ્વારા કોલેજનો ડંકો વગાડી દીધો હતો. જીટીયુ સંલગ્ન તમામ કોલેજોને પછાડી બાપુ કોલેજે ડ્રામા, વેસ્ટર્ન સોંગ અને હેન્ડબોલ સ્પર્ધામાં વિજયી પતાકા લહેરાવી હતી. ગર્લ્સ હેન્ડબોલ કોમ્પીટીશનમાં આ ઈન્સ્ટીટયુટની ટીમે ૧૧/૦ની લીડસથી વાસદનીએસવીઆઈટી કોલેજને માત આપી સતત ત્રીજા વર્ષે કન્ટીન્યુડ ઝોનલમાં જીત મેળવી હતી. આ પાંચ ખેલાડીઓ ગર્લ્સ માટેની નેશનલ હેન્ડબોલ કોમ્પીટીશન માટે પણ પસંદગી પામતાં હર્ષનો માહોલ બેવડાયો હતો. આ તમામ તેજસ્વી તારલાઓનો ઉત્સાહ વધારતાં સંસ્થાના વડા અને ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા અને મહેન્દ્રસિંહ વાઘેલાએ અભિનંદન પાઠવ્યા હતાં.

વાવોલમાં ભૈરવ જયંતિ નિમિત્તે યજ્ઞ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર પાસેના વાવોલ ખાતે આજે શુક્રવારે ભૈરવ જયંતિ નિમિત્તે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મહાકાળી મંદિર ખાતે આવેલ ભૈરવદાદાના મંદિરે સવારે ૮.૩૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન યજ્ઞ યોજાશે. તેમજ મંદિર પરિસરને સુંદર રોશનીથી અને ફુલોથી શણગારવામાં આવશે. ભાવિ ભક્તોને લાભ લેવા જણાવાયુ ંછે.

તાલીમી વર્ગો શરૂ કરાયા

ગાંધીનગર, તા. ૧૩

અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે નવચેતના ક્લબ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. તાલીમ વર્ગોમાં એસ.ઓ., ક્લાર્ક, બિન સચિવાલય સહિતની પરીક્ષાનું જ્ઞાન આપવામાં આવશે. તાલીમ વર્ગોમાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોએ નિમેષ વાઘેલા, પ્લોટ નં. ૧૫૬૭/૨, સેક્ટર-૨-બી, ગાંધીનગરનો સંપર્ક કરવો.

જિલ્લા કોંગ્રેસ જવાહરલાલ નહેરુને શ્રદ્ધાંજલિ આપશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુની ૧૨૫મી જયંતિ નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરશે. તેમજ સે-૨૨ સ્થિત કોંગ્રેસ કાર્યાલયે પ્રાર્થના સભા યોજવામાં આવશે. કાર્યક્રમમાં કોંગ્રેસ પક્ષના હોદ્દેદારો, કોર્પોરેટરો અને અગ્રણીઓને હાજર રહેવા પ્રમુખ મુકેશ પટેલે જણાવ્યું છે.

ગજાનન સમિતિએ ૧૭ વર્ષમાં ૧,૧૮,૦૧૯ બાળકોની આરોગ્યલક્ષી તપાસ કરી

જરૂરિયાતમંદ વ્યક્તિઓને ખાદ્ય ચીજો સહિત કપડા, શૈક્ષણિક કીટનું વિતરણ પણ કર્યુ

ગાંધીનગર, તા. ૧૩

સરકાર દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ કરવામાં આવે છે. છેવાડાના ગામડાના બાળમાં કોઈ જ ખામી ન રહી જાય તેની તકેદારી રખાય છે. આવુ જ ભગીરથ કાર્ય શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા કરવામાં આવે છે. સમિતિએ ૧૭ વર્ષમાં ૧,૧૮,૦૧૯ બાળકોને તપાસવામાં આવ્યા છે.

૧૯૯૭ થી શાળા આરોગ્ય કાર્યક્રમમાં ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ જોડાઈ છે. રાજ્યના વિવિધ જિલ્લાના છેવાડાના ગામડામાં જ્યાં દવાખાના પણ નથી તેવા વિસ્તારમાં જઈને બાળકોના આરોગ્યની તપાસ કરી છે. જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં મેડીકલ ઓફિસર ન હોય તે વિસ્તારના રિપોર્ટ તાલુકા વિકાસ અધિકારીને સોંપવાનું કાર્ય કરવામાં આવે છે. રાજ્યના કુલ ૧૪ જિલ્લાના ૨૮ તાલુકાની ૬૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સાંકળવામાં આવી છે. સતત ૧૭ વર્ષથી એકધારી સેવામાં કુલ ૧,૧૮૦૧૯ બાળકોને તપાસી આરોગ્યલક્ષી દવાઓ કરવામાં આવી છે. અને ૯૪૮ શાળાઓમાં યોગદાન આપ્યું છે.

બાળકોને વીટામીન એ ના ટીપા, સાબુ, ગરમ કપડા, દફતર, સ્લેટ, નોટબુક સહિતની શૈક્ષણિક સામગ્રી અને ખાદ્ય સામગ્રીનું નિસ્વાર્થભાવે દાન કર્યું છે. વિદ્યાર્થીઓ, શાળાના શિક્ષકો સહિત ગરીબ અને નિરાધાર વ્યક્તિઓને મદદ કરી છે. આ ભગીરથ કાર્યમાં ડૉ. વખારીયા, ડૉ. ગુંજન જૈન, ડૉ. રાજન દોશી, ડૉ. સોમ શર્મા દ્વારા દવા આપવામાં આવી હતી.

'ઈરમા એજ્યુકેશન' તરફથી ભાવિ ડૉક્ટરોને વિદાય અપાઈ

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની 'ઈરમા એજ્યુકેશન' કન્સલ્ટન્સી દ્વારા ફિલિપાઈન્સમાં એમ.બી.બી.એસ.ના અભ્યાસ માટે પસંદગી પામેલા નવા ૨૬ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને તાજેતરમાં ઈરમા દ્વારા શુભેચ્છા સહિત વિદાયમાન અપાયું હતું. તા. ૧૨ ઑક્ટોબરના રોજ અમદાવાદ એરપોર્ટ ખાતે સાંજના સમયે બે અલગ અલગ ફ્લાઈટમાં વિદ્યાર્થીઓ ફિલિપાઈન્સ જવા ઊપડ્યા હતા. પ્રથમ ફ્લાઈટમાં અમદાવાદના નવ વિદ્યાર્થીઓ એક વિદ્યાર્થિનીના પિતા સાથે તથા અમદાવાદથી ત્રણ વિદ્યાર્થિનીઓ ફિલિપાઈન્સ જતી ફ્લાઈટમાં જોડાયાં હતાં. તે જ ફ્લાઈટમાં મુંબઈથી એક વિદ્યાર્થિની, જમશેદપુરથી બે વિદ્યાર્થિનીઓ પણ જોડાઈ હતી, જેમની સાથે તેમના પિતા ફિલિપાઈન્સમાં ઈરમાની સવલતો નિહાળવા-ચકાસવા જોડાયા હતા.

જ્યારે, મોડી રાતની ફ્લાઈટમાં અમદાવાદથી આઠ વિદ્યાર્થીઓ તથા ત્રણ વિદ્યાર્થિનીઓ ફિલિપાઈન્સ તરફ જતી ફ્લાઈટમાં જોડાયાં હતાં. આમ, નવ વિદ્યાર્થિનીઓ તથા ત્રણ પૅરન્ટ્સ આ વખતે ગયેલા જૂથમાં જોડાયાં હતાં. આ સિઝનમાં ઈરમા દ્વારા ફિલિપાઈન્સ જનારા વિદ્યાર્થીઓની સંખ્યા અત્યાર સુધીમાં ૯૦-૯૫ની રહેવા પામી હતી, અને હજી આગામી સમયમાં અન્ય ૬૦-૭૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ જનાર છે. આ સંખ્યા સામાન્ય સંસ્થાઓ કરતાં વિશેષ ગણાય. વર્ષ ૨૦૧૪ના ચાલુ વર્ષમાં નવા પ્રવેશ પામનારા વિદ્યાર્થીઓનું આ સાતમું જુથ જ્યારે ફિલિપાઈન્સ જવા રવાના થયું ત્યારે સૌ વિદ્યાર્થીઓને 'ઈરમા એજ્યુકેશન' દ્વારા શુભેચ્છા સહિત વિદાય અપાઈ હતી.

'ઈરમા એજ્યુકેશન' ગાંધીનગરમાં આવેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે એમ. બી. બી. એસ.ના અભ્યાસ માટે ગુજરાતી વિદ્યાર્થીઓને ફિલિપાઈન્સ તથા નેપાળમાં સર્વોત્તમ સલામતીથી સાચવે છે. વળી, જેમને ફિલિપાઈન્સમાં ઈરમાની સવલતો જોવી હોય તેવાં માતા-પિતા-વાલીઓને ઈરમા દ્વારા ફિલિપાઈન્સની મુલાકાત માટે લઈ જવામાં આવે છે. ફિલિપાઈન્સમાં ઈરમા એજ્યુકેશન દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થિનીને પૂરેપૂરા પાંચ વર્ષ સુધી કાળજીપૂર્વક સાચવે છે, તે શ્રદ્ધાને જોરે ગુજરાત તથા દેશભરનાં અનેક માતા-પિતા-વાલી પોતાનાં સંતાનો ઈરમા એજ્યુકેશનને સોંપી રહ્યાં છે. છોકરીઓ માટે ફિલિપાઈન્સમાં વિશેષ સવલતો છે, તો સૌને ગુજરાતી ભોજનની શ્રેષ્ઠ સગવડ ઈરમાએ કરી આપી છે. સાથોસાથ, ફિલિપાઈન્સમાં ઈરમાના સ્વયંસેવકો સતત હાજર રહીને વિદ્યાર્થીઓની કોઈ પણ મૂંઝવણનો ઉકેલ લાવી આપે છે.

બે દિવસીય સાયન્સ ડ્રામાનો શુભારંભ

૩૩ જિલ્લાની ૨૮ ટીમોએ ભાગ લીધો : સેક્ટર-૨૩ નાથીબા કોલેજ હોલમાં વિજ્ઞાન અને ટેકનોલોજી પર નાટકો રજુ થયા : પ્રથમ દિવસે ૧૪ નાટકો ભજવાયા

ગાંધીનગર, તા. ૧૩

દેશની પ્રગતિ માટે ટેકનોલોજી મહત્વની છે. વિજ્ઞાન અને ટેકનોલોજીથી દેશ મહાસત્તા સુધી પહોંચી શકે છે. આપણો પડોશી દેશ ટેકનોલોજીથી જ ઓળખાય છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા ટેકનોલોજીને પ્રદર્શિત કરતો સાયન્સ ડ્રામાનો શુભારંભ કરવામાં આવ્યો છે. રાજ્યના ૨૮ જિલ્લાના વિદ્યાર્થીઓ જોડાયા છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ દ્વારા બે દિવસીય નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટિવલ-૧૪ નું આયોજન કરવામાં આવ્યું છે. સેક્ટર-૨૩ સ્થિત નાથીબા હોલમાં આજે શુભારંભ કરવામાં આવ્યો છે. આ પ્રસંગે ડૉ. નરોત્તમ શાહુ એડવાઈઝર, સેક્રેટરી ગુજકોસ્ટ, રાજમલ જૈન, ડીન કડી સર્વ વિશ્વ વિદ્યાલય, વલ્લભભાઈ પટેલ ચેરમેન કડી વિશ્વ વિદ્યાલય ડૉ. અનિલ પટેલ ડાયરેક્ટર નિસર્ગ સેન્ટર ઉપસ્થિત રહ્યા હતા.

બે દિવસીય ડ્રામા ફેસ્ટિવલના પ્રથમ દિવસે ૧૪ જિલ્લાના બાળકોએ અલગ અલગ પ્રકારના સંદેશ આપતા નાટકો રજુ કર્યા હતા. જેમાં અમરેલીની જીવનતીર્થ વિદ્યાલયે રંગલાની કમાણી ઉર્જા મહારાણી, આંદની ગોજો શારદા મંદિર, એન્વાયરમેન્ટ અને રિ-સાયકલીંગ, બનાસકાંઠાની શ્રી સરસ્વતી વિદ્યામંદિરે ગ્રો મોર ટ્રી એન્ડ ટેક ગ્રીનરી, ભરૂચની ધનાલીપુર હાઈસ્કૂલે ગેલેલીયો ગેલેલીય, ભાવનગરની સી.એમ. વિદ્યાલયે, મેમોરિયલ સ્કૂલે સેપ નો ટુ જંકફુડ, અને રાજકોટની સેન્ટ પોલ સ્કૂલે સુરજની મુર્ગી નાટક રજુ કર્યું હતું.

વિદ્યાર્થીઓએ પોતાની આગવી અદાકારીથી ઉપસ્થિત સૌ કોઈને મંત્ર મુગ્ધ કર્યા હતા. સાયન્સ ડ્રામામાં વિજેતા વિદ્યાર્થીઓ નેશનલ લેવલે ભાગ લેવા જશે. ગાંધીનગરની નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ડ્રામાને સફળ બનાવવા માટે સહયોગ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે નિસર્ગ સેન્ટરના કો-ઓર્ડિનેટર શિવાંગ પટેલ અને હાર્દિક મકવાણાસહયોગ આપી રહ્યા છે.

નાટકો દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ કેટલો છે અને આવનાર સમયમાં તવ બખુબી રજુ કર્યો હતો. રંગલાની કમાણી ઉર્જા મહારાણીએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને ભરપેટ મનોરંજન સાથે જ્ઞાન પિરસ્યુ હતું. સ્વચ્છતા પરમો ધર્મ, વિષય પર નાટક રજુ કર્યા હતા.

ડાંગની સંતોકબા વિદ્યામંદિરે સ્ટ્રગલીંગ લાઈફ ઓફ ગેલેલીયો, ગાંધીનગરની પ્રેરણા વિદ્યાલયે આજની સ્વચ્છતા આવતીકાલનું સુઃખ, જામનગરની શ્રી ભાવન વિદ્યાલયે અચ્છે દિન આને વાલે હૈ, જુનાગઢ સુજાતન મંદિર ઉર્જાનું નવીનીકરણ, નર્મદાની એમ.આર. વિદ્યાલયે હેલ્થ એન્ડ હાયગેઈન, પાટણ ઉત્તર બુનિયાદ સ્કૂલે ફુડ ન્યુટ્રીશીયન એન્ડ હેલ્થ, પોરબંદરની

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૪
સૂર્યાસ્ત : ૫.૫૪

તાપમાન

મહત્તમ : ૩૫.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૪૯ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦
: સ્ક્રીન-૪ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ધ શૌકિન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
સ્ક્રીન-૨ :
રંગરસીયા : ૧૦.૧૫, ૧.૧૪, ૪.૧૫. ૭.૧૫, ૧૦.૧૫
રોર : ૧.૩૦, ૭.૩૦
સ્ક્રીન-૩ :
હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : આર્થિક સંપન્નતા વધશે. દૃઢ નિશ્ચયની પ્રવૃત્તિને કારણે કાર્યામાં વિજય પ્રાપ્ત થઈ શકે છે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

વૃષભ : આર્થિક ઉન્નતિ થશે. મુશ્કેલીઓ દૂર થશે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે.

મિથુન : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. અધિકારી તમારા કાર્યથી પ્રસન્ન થશે. બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

કર્ક : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. ઉપહાર મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ઉન્નતિ થશે. સ્વપ્નાઓ સાકાર થઈ શકશે. આળથી બચીને સક્રિય થઈ જવું તમારા માટે લાભકારક રહેશે.

સિંહ : જ્ઞાનવૃદ્ધિ માટે સ્વાધ્યાયમાં રુચિ વધશે. ખાન-પાનની ગડબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. વ્યપારમાં અનાયાસ ખલેલ પહોંચી શકે છે.

કન્યા : વ્યાપારની બાબતમાં યોગ્ય નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે.વિરોધીઓની તરફ ધ્યાન ન આપીને સ્વયં કાર્ય કરો. વિષમ પરિસ્થિતિમાં પણ ધૈર્ય બનાવી રાખવું પડશે.

તુલા : દરેક ક્ષેત્રમાં સમ્માન મળશે. વેપાર ક્ષેત્રમાં નવી યોજનાઓથી લાભ. દિનચર્યા ખૂબ વ્યસ્ત અને વ્યવસ્થિત રહી શકશે. નોકરીમાં સ્થિતિ સુધરશે.

વૃશ્ચિક : સગા-સંબંધીઓથી મુલાકાત થશે. લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા જરાકમાં જ ઉકેલાઈ શકે છે. વ્યવસાયમાં વૃદ્ધિનો યોગ છે. નિર્ણય લેવામાં વિલંબ ન કરો.

ધન : ઈચ્છિત કાર્ય પૂર્ણ થઈ શકશે. આરોગ્ય સારું રહી શકશે. વિલાસિતાની વસ્તુઓ ખરીદવાનો યોગ બનશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધાર અને ગુણાત્મકતા આવશે.

મકર : પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. આરોગ્ય સારું રહેશે. મકાન સંબંધી સમસ્યાનો સમાધાન થવાનો યોગ છે. ભૌતિક સુખ- સમૃદ્ધિ વધશે.

કુંભ : ભૂમિ-સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ-સમૃદ્ધિ રહેશે. આરોગ્યમાં અનુકૂળતા તમને ચિંતાઓથી મુક્ત કરશે.

મીન : અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળશે. નકામો તનાવ, મુશ્કેલી રહેવાની સંભાવના છે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધ થશે.

ચિરવિદાય

- સ્વ.ચતુરભાઈ હાથીદાસ પટેલ (ઉ.વ.૮૫) ૧૬, જલારામપાર્ક સોસાયટી, પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. અન્નપૂર્ણાબેન બીપીનચંદ્ર ભટ્ટ (ઉ.વ.૫૮) ૧૨૬, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેક્ટર-૩૦, ગાંધીનગર
- સ્વ.કાશીબેન શામળભાઈ પટેલ (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૨૦૫/૨, સેક્ટર-૩ ન્યુ, ગાંધીનગર
- સ્વ. દેવુબેન ચતુરભાઈ લઢેલ (ઉ.વ.૬૫) બ્લોક નં. ૬૮/૧, સેક્ટર-૨૦, ગાંધીનગર
- સ્વ. રબારી રાજુભાઈ હરજીભાઈ (ઉ.વ.૩૦) ચેહરનગર, રબારીવાસ, સેક્ટર-૨૬, ગાંધીનગર
- સ્વ. ગોરધનભાઈ ત્રિકમલાલ રામી (ઉ.વ.૮૬) ૭૪૧, સેક્ટર-૨૪, આદર્શનગર, ગાંધીનગર

અવસાન નોંધ

ગાંધીનગર સ્થિત શશીકાન્ત ઝવેરભાઈ ઓઢવિયાના ધર્મપત્ની ઉષાબેન શશીકાન્ત ઓઢવિયાનું અવસાન ગત તા. ૧૧ નવેમ્બરના રોજ થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તેમના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૭૮/૧, સેક્ટર-૧૩-એ, વાવોલ રોડ ખાતે સવારે ૮.૩૦થી ૧૧.૩૦ દરમિયાન રાખેલ છે.